| | |
|---|---|
| રજૂ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ     માસ     દિવસ | |

**ખેડા જીલ્લાના સ્પેશ્યલ પોકસો જજ અને બીજા એડીશનલ સેશન્સ જજશ્રીની અદાલતમાં મુકામ–નડીયાદ.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૮૮/૨૦૨૬**
આંક: –

અરજદાર : **વિનુભાઈ દેસાઈભાઈ ગોહેલ**
ઉ.વ.૫૫, ધંધો–ખેતી,
રહે.કૃષિવન સોસાયટી પાસે, આણંદ–સોજીત્રા રોડ,
તા. જી. આણંદ.

**<u>–વિરૂધ્ધ–</u>**

સામાવાળા : **સરકારશ્રી,**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ મુજબ**
**મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી.**
<u>(ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૧ મુજબ)</u>

---

અરજદાર તરફે વિ.વ.શ્રી જે. એમ. મકવાણા
શ્રી સરકાર તરફે વિ. પી.પી.શ્રી ડી.આર. બારોટ

---

**-: ચુકાદો :-**

(૧) હાલની અરજી અરજદાર ધ્વારા ચકલાસી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૪૦૧૭૨૫૦૩૭૫/૨૦૨૫, બી.એન.એસ. કલમ ૧૩૭(૨), ૬૪(૧), ૮૭, ૩૫૧(૩), ૫૪ તથા પોક્સો એકટની કલમ -૩(એ), ૪, ૭, ૮ મુજબના ગુનાના કામે અરજદારની માલીકીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેનો આર.ટી.ઓ રજી.નં. GJ 23 BS 1803 નો છે જેનો ચેચીસ નં. MBLHAR072J5F0496 તથા એન્જીન નં. HA10AGJ5F08545 ની કબજે કરવામાં આવેલ છે જે હાલ પો.સ્ટેમાં પડેલ હોય તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદારની હાલની અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાનો અભિપ્રાય રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) અરજીના સંદર્ભે અરજદાર તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવે છે કે, સદર વાહન અરજદારના કબજા ભોગવટાનું છે અને તેમના જીવન જરૂરીયાતનું અગત્યનું સાધન છે. જે તપાસના કામે પો.સ્ટે. ખાતે જમા છે. અરજદારની જીવનજરૂરીયાતનું એક માત્ર સાધન છે અને અરજદાર સદર વાહનના માલિક છે. વધુમાં મુદ્દામાલ વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના એન્જીનને તથા સ્પેર પાર્ટસને તથા ટાયર ટયુબ, બેટરીને નુકશાન થવાની પુરેપુરી સંભાવના છે અને અરજદારને આર્થિક નુકસાન જાય તેમ

છે નામ. અદાલત ફરમાવશે તે તમામ શરતોન પાલન કરશે જે હકીકતો જણાવી સદરહુ વાહન પરત આપવા વિનંતી કરેલ છે.

(૪) જયારે સામાવાળા તરફે વિ. પી.પી. શ્રી તેમની દલીલોમાં જણાવે છે કે, પોલીસ અભિપ્રાય ઉપર આધાર રાખી યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષોની રજૂઆતો તેમજ પોલીસ અભિપ્રાય તેમજ રેકર્ડ ધ્યાને લેતા ચકલાસી પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૪૦૧ ૭૨૫૦૩૭૫/૨૦૨૫, બી.એન.એસ. કલમ ૧૩૭(૨), ૬૪(૧), ૮૭, ૩૫૧ (૩), ૫૪ તથા પોકસો એકટની કલમ –૩(એ), ૪, ૭, ૮ મુજબના ગુનાના કામે અરજદારની માલીકીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેનો આર.ટી.ઓ રજી.નં. GJ 23 BS 1803 નો છે જેનો ચેચીસ નં. MBLHAR072J5F0496 તથા એન્જીન નં. HA10AGJ5F08545 ની આ કામના આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ છે. સદર કામે આરોપીઓ વિદેગ વિનુભાઈ ગોહેલ, રીતેશકુમાર વિનુભાઈ ગોહેલ તથા સ્મિત શર્માની નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે જે ધ્યાને લીધી. સદરહુ કબજે લેવામાં આવેલ મુદ્દામાલની રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ રજૂ થયેલ છે જે જોતા સદર મુદ્દામાલ વાહનના મૂળ માલિક હાલના અરજદાર છે. જેથી મુદ્દામાલની કસ્ટડી બાબતે નામ.સુપ્રિમ કોર્ટના ચૂકાદા સુંદર અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત એ.આઈ.આર.૨૦૦૩ (સુ.કો) ૬૩૮ માં ઠરાવ્યા મુજબ કબજે લીધેલ મુદ્દામાલ અરજદારને પરત સોપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

(૧) આ કામના અરજદારની મુદ્દામાલ અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) ચકલાસી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૪૦૧ ૭૨૫૦૩૭૫/૨૦૨૫, બી.એન.એસ. કલમ ૧૩૭(૨), ૬૪(૧), ૮૭, ૩૫૧ (૩), ૫૪ તથા પોકસો એકટની કલમ -૩(એ), ૪, ૭, ૮ મુજબના ગુનાના કામે અરજદારની માલીકીની સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેનો આર.ટી.ઓ રજી.નં. GJ 23 BS 1803 નો છે જેનો ચેચીસ નં. MBLHAR072J5F0496 તથા એન્જીન નં. HA10AGJ5F08545 નો છે તે પંચનામામાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તેમજ તેટલી જ રકમના બોન્ડ સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન કેસનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી, હાલના અરજદારને વચગાળાની કસ્ટડીએ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) અરજદારે મુદ્દામાલ કોર્ટની પરવાનગી વગર કોઈને વેચાણ, બક્ષીસ, ટ્રાન્સફર કે ગીરો કરવો નહી એટલે કે મુદ્દામાલ કોઈને પણ કોઈપણ પ્રકારે હસ્તાંતરણ કરવું નહી.

(૨) તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ પરત સોંપ્યા બાદ તાત્કાલિક સદર હુકમની જાણ સંબંધિત આર.ટી.ઓ. કચેરીને કરવી.

(૩) મુદ્દામાલ વાહનના રંગમાં તથા દેખાવમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહી કે મુદામાલના કાયમી સ્વરૂપમાં ફેરફાર થાય તેવું કૃત્ય કરી શકાશે નહીં.

(૪) તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ વાહનના નંબર સાથે દેખાઈ આવે તે રીતનો તેમજ મુદામાલ વાહન સંપૂર્ણ દેખાઈ આવે તેવા બે-ફોટો ગ્રાફ પડાવી અત્રેની અદાલતમાં રજૂ રાખવા.

(૫) અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે સદરહુ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રજૂ કરવાની રહેશે.

(૬) મુદ્દામાલ વાહનનો ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરી શકાશે નહી.

(૭) અરજદારે સંબંધિત પોલીસ સ્ટેશને મુદ્દામાલ વાહનની માલીકી અંગેના પુરાવા ચકાસણી અર્થે રજૂ કરવા અને પોલીસે તે ચકાસી ત્યારબાદ આ કોર્ટના હુકમનું પાલન કરવું.

ઉપરોકત શરતોનો ભંગ થયેથી ત.ક. અમલદારે અરજદાર પાસેથી મુદ્દામાલ વાહન પરત મેળવવા/જપ્ત કરવા કાર્યવાહી કરવી. હુકમની પો.સ્ટે. યાદીથી જાણ કરવી.

હુકમ આજ રોજ તારીખ– **૨૭મી માહે માર્ચ સને–૨૦૨૬** ના રોજ ખુલ્લા ન્યાયાલયમાં વાંચી–સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ:– નડીયાદ.

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સ્પેશ્યલ જજ (પોકસો) અને
બીજા અધિક સેશન્સ જજ, નડીયાદ.
કોડ નં. જીજે ૦૧૬૦૦

COURT OF SESSIONS KAIRA AT NADIAD
સત્ય મેવ જયતે